દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.

પંચવર્ષિય રૂા. ૫૦૦, આજીવન રૂા. ૨૦૦૦, છુટક નકલ ૧ નંગના રૂા. ૧૦

ઓગષ્ટ : ૨૦૨૫ | વર્ષ - ૩૦ | અંક : ૮ સળંગ અંક : ૪૧૯

www.satvaramahamandal.org, email : darpan@satvaramahamandal.org

।। જય સિદ્ધનાથ ।। ।। જય સતવારા ।।

શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત

માસિક

# સતવારા દર્પણ



પ્રમુખશ્રી
શંકરભાઈ આર. દલવાડી
મો. ૯૮૨૪૫ ૦૩૯૨૨

સતવારા દર્પણ તંત્રીશ્રી
રમણલાલ સી. મકવાણા
મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

મહામંત્રીશ્રી
રાજેશભાઈ કે. મકવાણા
મો. ૯૪૨૬૩ ૯૪૯૯૯

# Ozat
## Theme Park & Resort



**સતવારા સમાજ માટે ગૌરવ સમાન રિસોર્ટ**
**વોટર પાર્ક તેમજ એડવેન્ચર પાર્ક**

જ્ઞાતિબંધુઓ માટે ખાસ વાર-તહેવાર રજા
તેમજ વેકેશન માણવા માટે સાસણ-ગીરના દ્વાર
સમાન જુનાગઢ-મેંદરડા રોડ પર ઓઝત નદીના
કિનારે અને ગિરનાર પર્વતની ટેકરીઓ સામે...

જ્ઞાતિની શાળાઓ, કોલેજ, ટ્યુશન કલાસીસ
ધરાવતા શિક્ષણવિદો માટે પિકનીકનું સ્થળ...

**મેરેજ ફંકશન તથા પ્રિ-વેડીંગ શુટ માટે વિશાળ જગ્યાની સુવિધા...**

Anandpur Dam, Mendarda Highway, Junagadh
**Park +91 97252 10510   M. +91 97243 62243**

# અમદાવાદના કડિયા-સતવારા સમાજના સૌથી પહેલા શહીદ કર્મવીર શ્રી સ્વ. ઉમાકાંત કડિયા



શહીદ સ્વ. શ્રી ઉમાકાંત કડિયા-અમદાવાદ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની "અંગ્રજો હિંદ છોડોની ચળવળ" તા. ૯-૮-૧૯૪૨ના પ્રથમ વીર શહિદ શ્રી ઉમાકાન્ત કડિયાનો જન્મ તા. ૧૫-૧૧-૧૯૨૧ના રોજ મોટી પોળ, દરિયાપુર, અમદાવાદ મુકામે થયો હતો. તેમના પિતાશ્રી સ્વ. મોતીલાલ મગનલાલ કડિયા-અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના માજી કાઉન્સીલર તથા કોન્ટ્રાકટર હતા. તેમની માતુશ્રીનું નામ સ્વ. ડાહીબેન મોતીલાલ કડિયા હતું. શ્રી ઉમાકાંત મેટ્રીકની પરીક્ષા પાસ કરી હતી અને કોલેજમાં અભ્યાસ કરતા હતા. તેમની પત્નીનું નામ સ્વ.જશોદાબેન હતું. તેમણે વ્યવસાય પ્રવૃત્તિ તથા સમાજ સેવા સ્ત્રી શિક્ષણ તથા ઉત્કર્ષ તેમના વિસ્તાર દરિયાપુર અમદાવાદમાં "પ્રકાશ મંડળ"ની સ્થાપના કરી હતી. તેમણે કડિયા જ્ઞાતિના વિકાસ માટે સ્ત્રી શાળા તથા પુસ્તકાલયની સ્થાપના કરી હતી. તેઓ અમદાવાદ વિદ્યાર્થી મંડળના દરિયાપુર વોર્ડ કોંગ્રેસ સમિતિના કાર્યકર હતા. તેમણે કોંગ્રેસ સેવાદળમાં તથા રાયફલ એસોસીએશનમાં તાલીમ લીધી હતી. અને સેવા આપતા હતા. વ્યાયામ પ્રચારક મંડળમાં પણ સેવા આપતા હતા. તેમની પત્નીનું નામ સ્વ. જશોદાબેન હતું.

સને ૧૯૪૨ની ૮મી ઓગષ્ટે ગાંધીજી દ્વારા અંગ્રેજો હિંદ છોડોનું આખરી એલાન આપી કોંગ્રેસ મહાસમિતિએ દેશ વ્યાપી લડત શરૂ કરવાની હાકલ કરી હતી. ૯મી ઓગષ્ટે સરકારે બધા નેતાઓને પકડી જેલમાં પૂરી દીધા હતા. આના પ્રત્યાઘાતમાં ૯મી ઓગસ્ટે દેશભરમાં આઝાદીનું લડતનું આંદોલન શરૂ થયું. ઠેર-ઠેર હડતાલો પડવા માંડી.

ગુજરાતમાં અને અમદાવાદમાં લોકોએ આંદોલન (ચળવળ) શરૂ કર્યું. આંદોલનના પ્રથમ દિવસે તા. ૯-૮-૧૯૪૨ના રોજ ખાડિયા ચાર રસ્તા, ગોલવાડના નાકે ચારસો લોકોના સરઘસની ઉમાકાંતે આગેવાની લઈ પસાર થતાં ત્યારે પોલીસે ટોળાને વિખેરવા લાઠી ચાર્જ શરૂ કર્યો તેમ છતાં લોકો વિખેરાયા નહીં. એટલે અંગ્રેજ પોલીસ ઈન્સ્પેકટરે ગોળીબાર કર્યો અને તેમાંથી એક ગોળી ઉમાકાન્ત કડિયાના કપાળમાં વાગી અને તેઓ ઘાયલ થયા અને શહિદી વ્હોરી લોકો એકદમ વિખરાઈ ગયા અને પોલીસ શ્રી ઉમાકાન્તને વાનમાં વાડીલાલ હોસ્પિટલમાં લઈ ગયા. જ્યાં તેમનું મૃત્યુ થયું. શહિદ થયા. અંગ્રેજ સરકારે શ્રી ઉમાકાન્તના મૃતદેહને તેમના પરિવારને સોંપવાને બદલે બારોબાર અગ્નિ સંસ્કાર દીધા હતા.

શ્રી ઉમાકાંત કડિયાએ દેશની સ્વતંત્રતાની લડતમાં પોતાના પ્રાણની આહૂતિ આપી શહાદત વહોરી લીધી હતી. ભારત માતાના વીર-સપૂતો-શહિદોની યાદીમાં સ્વ. શ્રી ઉમાકાંત કડિયાનું નામ સુવર્ણ અક્ષરે પ્રથમ પંક્તિમાં લખાય છે. તેમની સ્મૃતિમાં ખાડિયા ચાર રસ્તા પાસેના સ્થળને "ઉમાકાંત કડિયા ચોક" નામ આપવામાં આવ્યું છે. તેમની શહાદત સમગ્ર સતવારા કડિયા સમાજને ગૌરવ અપાવ્યું છે. આપણે સૌ તેમની શહિદીને નતમસ્તકે નમન કરીએ છીએ. શહિદો અમર રહો. જયહિંદ-ભારતમાતાકી જય.

**સંકલન : ચંદ્રેશભાઈ એમ. કડિયા-અમદાવાદ**

॥ જય સિધ્ધનાથ ॥



# શ્રી સતવારા સમાજ યુવા મેળા સમિતિ ગાંધીનગર

# નવમો યુવા મેળો જીવનસાથી પસંદગી સંમેલન - ૨૦૨૫

સતવારા સમાજ દેશવિદેશમાં વસતા જ્ઞાતિજનોને જણાવવાનું કે સમાજના દિકરા દિકરીઓ માટે યોગ્ય જીવનસાથી પસંદગી કરી શકાય તેવા ઉદેશથી શ્રી સતવારા સમાજ યુવા મેળા સમિતિ દ્વારા ગાંધીનગર ખાતે નવમાં યુવા મેળાનું આયોજન તારીખ ૨૧/૧૨/૨૦૨૫ ના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. જે યુવક યુવતી આ યુવા મેળાનો લાભ લેવા ઇચ્છુક હોય તેઓએ ઉપર જણાવેલ **QR** કોડ સ્કેન કરી અથવા ફોર્મની લિંક ઓપન કરી ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે.

## ખાસ નોંધ

- ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ઉમેદવારે પોતાના **10MB** થી ઓછી સાઇઝના પાસપોર્ટ ફોટોગ્રાફની સોફ્ટ કોપી અપલોડ કરવાની રહેશે.
- ઓનલાઇન ફોર્મના છેલ્લા સ્ટેપમાં **QR** કોડ અને **UPI** એડ્રેસ આપવામાં આવશે. જેના પર કોઈપણ **UPI** એપ્લિકેશન દ્વારા પેમેન્ટ કરી એનો સ્ક્રીનશોર્ટ અપલોડ કરવાનો રહેશે.
- સમિતિ દ્વારા પેમેન્ટ વેરીફાઇ થયા બાદ જ ફોર્મને માન્ય ગણવામાં આવશે.

https://forms.gle/Pmd9CmAhsu4SBNGP9

**ઓનલાઇન ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી પડે તો નીચેના નંબર પર સંપર્ક કરવો**

શ્રી અશોકભાઇ એન. ચાંપાનેરી મો. ૯૮૨૪૧ ૧૦૮૨૪
શ્રી મુકેશભાઇ એન. ડાભી મો. ૯૭૨૭૭ ૯૨૬૦૧
શ્રી નાગરભાઇ એલ. દલવાડી મો. ૯૪૨૮૮ ૧૪૧૬૬

સેવા સહકાર સમર્થન

# શ્રી સતવારા જ્ઞાતિ મંડળ-રાજકોટ પ્રેરિત

## યુવા મેળા સમિતી

# ચતુર્થ યુવા મેળો (જીવનસાથી પસંદગી સંમેલન)

**સરસ્વતી પાર્ક, બાપા સીતારામ ચોક, રૈયા રોડ, રાજકોટ**

અહીં ફોટો ગમથી ચોંટાડવો સ્ટેપલર કરવો નહીં

યુવા મેળો તારીખ : ૧૪-૦૯-૨૦૨૫ રવિવાર ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૨૫-૦૮-૨૦૨૫

યુવા મેળા અંગે તમામ પત્ર વ્યવહાર નીચેના સરનામે તેમજ પૂછપરછ નીચેના મોબાઈલ નંબર પરથી કરી શકાશે.

**શ્રી સતવારા વિદ્યાર્થી ભવન, સરસ્વતી પાર્ક, બાપા સીતારામ ચોક, રૈયા રોડ-રાજકોટ**

શાંતિભાઈ એલ. પરમાર : ૯૮૨૫૩ ૭૬૯૩૨ ● હીરાભાઈ કણજારીયા : ૯૮૨૪૪ ૭૭૦૮૫ ● રણછોડભાઈ રાઠોડ ૯૯૭૮૪ ૪૨૭૧૨ ● ભગવાનજીભાઈ પરમાર ૯૨૭૬૦ ૮૭૦૦૪ ● દેવરામભાઈ પરમાર : ૮૮૬૬૪ ૫૩૪૫૩

## ઉમેદવારી પત્રક

ઉમેદવારનું નામ : ____________ પિતાનું નામ : ____________

દાદાનું નામ : ____________ અટક : ____________

જન્મ તારીખ : ____________ ઉંમર વર્ષ: ____________ ઉંચાઈ : ____________ વજન : ____________

ઘરનું સરનામું : ____________

ગામ : ____________ તાલુકો : ____________ જીલ્લો : ____________

મોબાઈલ નંબર / વોટસએપ નંબર જો હોય તો : ____________ ઈમેલ આઈ. ડી : ____________

શૈક્ષણિક લાયકાત : ____________ હોદ્દો : ____________ માસિક આવક : ____________

નોકરી ધંધાની વિગત તથા સરનામું : ____________

ઉમેદવારના વાલીનો વ્યવસાય તથા સરનામું : ____________

ઉમેદવારના વાલીનો મો.ન. ____________ મુળવતન ____________ તાલુકો ____________ જીલ્લો ____________

ઉમેદવારનાં ભાઈઓની સંખ્યા : મોટા : ____________ નાના : ____________ પરણિત : ____________ અપરણિત : ____________

ઉમેદવારનાં બહેનોની સંખ્યા : મોટી : ____________ નાની : ____________ પરણિત : ____________ અપરણિત : ____________

ઉમેદવારનાં મોસાળનું નામ : ____________ સબંધ ____________

ઉમેદવારનાં મોસાળનું સરનામું : ____________ મોબાઈલ નંબર : ____________

આપ કેવા પાત્રની અપેક્ષા રાખો છો ? : ____________

ઉમેદવારને શારીરિક ખોડખાપણ હોય તો : ____________

છુટાછેડા થયેલા હોય તો સ્પષ્ટ જણાવવું : ____________

સંતાન હોય તો વિગત દર્શાવવી : ____________

**યુવા મેળાનાં નિયમો અમે વાંચ્યા છે. અને આ ફોર્મમાં ભરેલ તમામ વિગત સાચી છે. જે અંગે સંપૂર્ણ જવાબદારી અમો (વાલી)ની છે.**

ઉમેદવારની સહી ____________ વાલીની સહી ____________

## યુવા મેળા માટેનાં નિયમો તથા જરૂરી સુચનાઓ

યુવામેળાના ઉમેદવારની ફોર્મ ફી રૂા. ૧૫૦૦/- જે ફોર્મ સાથે રૂબરૂમાં રોકડેથી /બેંક અથવા UPI થી મોકલવા.

| | |
|---|---|
| બેંકનું નામ : HDFC BANK | બ્રાંચનું નામ : Yagnik Road, Rajkot |
| ખાતા ધારકનું નામ : પરમાર ચિરાગ અશોકભાઈ | ખાતાનું નામ : SAVING A/C |
| ખાતા નંબર : 50100736878497 | IFSC Code : HDFC0000101 |

- યુવામેળામાં યુવક યુવતી ઉમેદવાર માટે વયમર્યાદા ૩૫ વર્ષની રહેશે. તેથી મોટી ઉંમરના ઉમેદવારનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
- યુવામેળામાં ઉમેદવારે હાજર રહેવું ફરજીયાત છે અને જે હાજર નહિ કહે તેને યુવામેળાની બુક આપવામાં આવશે નહી.
- દરેક ઉમેદવાર સાથે તેના બે (૨) વાલીને જ પ્રવેશ મળી શકશે. જેની ખાસ નોંધ લેવી.
- દરેક ઉમેદવાર અને વાલીનો પ્રવેશપત્ર, ભોજનપાસ વગેરે કાર્યક્રમ સ્થળે જ આપવામાં આવશે. સાથે ફી ભર્યાની પહોંચ લઈ આવવી જરૂરી છે.
- ફોર્મ વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે. નક્કી કરેલ સંખ્યા પુરી થશે પછી ફોર્મ સ્વીકારવાનું બંધ કરવામાં આવશે.
- ફોર્મ સ્વીકાર્યા બાદ ભરેલ ફી પરત આપવામાં આવશે નહીં.
- સંબંધ, સગાઇ કે વિવાહ બાબતમાં જે તે કુટુંબે જ ખરાઈ કરવાની રહેશે. આયોજકોની કોઈપણ જવાબદારી રહેશે નહીં.
- યુવામેળામાં કોઈપણ ફેરફાર અંગેનો નિર્ણય યુવામેળા સમિતિનો રહેશે.
- યુવામેળાના ઉમેદવારી પત્રકોમાં ગુજરાતના દરેક વિસ્તારના મુખ્ય સમાજ અને આગેવાનોને મોકલવામાં આવશે. તદુપરાંત ફોર્મ સમાજના વ્હોટસએપ ગૃપમાં મુકવામાં આવશે. ફોર્મની ઝેરોક્ષ પણ ચાલશે.
- યુવામેળાના ઉમેદવારી પત્રક (ફોર્મ) ભરીને રૂબરૂ /પોસ્ટ/કુરીયર દ્વારા મોકલી શકાશે.
- ઉમેદવારના ફોર્મ સાથે એક (૧) તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટો આપવાનો રહેશે અને સાથે આધારકાર્ડ, સ્કૂલ લિવિંગ સર્ટીફિકેટ અથવા જન્મ તારીખનો દાખલો, છેલ્લે પાસ કરેલ માર્કશીટની નકલ મોકલવાની રહેશે.
- યુવામેળામાં ભાગ લેવા વહેલા આવનાર ઉમેદવાર અને તેના વાલી વગેરેએ અગાઉ જાણ કરવાની રહેશે. જેથી રહેવા જમવાની વ્યવસ્થા કરી શકાય.

### યુવામેળા પુસ્તીકામાં જાહેરાતના દર :

સીંગલ કલર : અડધું પાનું : ૨૦૦૦/- સીંગલ કલર : આખું પાનું : ૩૫૦૦/-
ફોર કલર : આખું પાનું : ૭૦૦૦/- ફોર કલર : અડધું પાનું : ૪૦૦૦/-
ફોર કલર ક્વાટર ૧/૪ પાનું ૨૦૦૦/-
ફોર કલર છેલ્લુ બહારનું આખું પાનું : ૨૧૦૦૦/- ફોર કલર છેલ્લુ અંદરનું આખું પાનું : ૧૫૦૦૦/-
ફોર કલર પહેલુ અંદરનું આખું પાનું : ૧૫૦૦૦/-

### : યુવા મેળાનું સ્થળ :

**અભય ભારદ્વાજ કોમ્યુનીટી હોલ, યુનીટ-૨**

**બીજો માળ, બાપા સીતારામ ચોક, અક્ષર સ્કૂલની બાજુમાં, રૈયા રોડ, રાજકોટ**

# રાજકોટ સતવારા સમાજનું ગૌરવ



**નામ : દર્શન કઠેસીયા**

રાજકોટના શ્રી મુકેશભાઈ રતીભાઈ કઠેસીયા તેમનો સુપુત્ર ચિ. દર્શન B.Tech કરી બાદમાં બેંકિંગ અભ્યાસ કરી ૨૦૨૪માં મહુવા ખાતે બેંક ઓફ મહારાષ્ટ્રમાં હેડ કેશિયર તરીકે જોબ કરે છે.

મુકેશભાઈ કઠેસીયા IOCL કંપનીમાં સીનીયર ફોરમેન તરીકે જોબ ધરાવે છે. તેમની દીકરી હીનાબેન B.Tech IT કરી અત્યારે ગાંધીનગર TCS કંપનીમાં જોબ કરે છે. મુકેશભાઈના ધર્મપત્ની શારદાબેન ગૃહિણી છે.

સરનામું : દર્શન નંદી પાર્ક-૪,
યુનિર્વસીટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

આ ખુશીમાં સતવારા દર્પણને
રૂા. ૫૦૧/- ખુશીભેટ આપે છે.
મુકેશભાઈ મો. નં. ૯૯૨૫૮૦૧૧૪૭

# લગ્ન વિષયક



**નામ : વિશાલ ધીરૂભાઈ રાઠોડ**

| | | |
|---|---|---|
| પિતાનું નામ | : | ધીરૂભાઈ જગજીવનભાઈ રાઠોડ |
| માતાનુ નામ | : | પ્રભાબેન ધીરૂભાઈ રાઠોડ |
| જન્મતારીખ | : | ૨૩/૦૮/૨૦૦૦ |
| ઉંચાઇ | : | ૬'૨'' વજન : ૬૫ કિ. |
| ભણતર | : | એમ.એસ.સી. આઇ.ટી. |
| વ્યવસાય | : | સોફ્ટવેર એન્જિનીયર |
| માસીક આવક | : | રૂા. ૯૩,૦૦૦ |
| ઘરનું સરનામું | : | આઈ-૧૦૬, શ્રીનંદનગર ભાગ-૨ વેજલપુર, અમદાવાદ |
| વતન | : | બોટાદ, (હાલમાં અમદાવાદ) |
| મોસાળ | : | લક્ષ્મણભાઈ ભીમજીભાઈ મકવાણા |
| બહેન | : | મનાલી દર્શનકુમાર (ચાર્ટર્ડ (એકાઉન્ટન્ટ) (મોટી) પરણીત |
| બનેવી | : | દર્શનકુમાર (એમ.ડી. ડૉકટર) |
| ભાઈ | : | નથી |

પિતાનો વ્યવસાય : સિવીલ વર્ક
માતાનો વ્યવસાય : ગૃહીણી
પિતાનો મોબાઇલ નં. ૯૮૯૮૩૮૫૮૯૬
અપેક્ષિત પાત્ર : સુશીલ શિક્ષિત

# અશ્રુભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી કરસનભાઈ દેવજીભાઈ સોનગરા**

**જન્મ તા. ૨૮-૦૪-૧૯૨૪ ● સ્વ. તા. ૨૪-૦૪-૨૦૨૫**

જામ ખંભાલિયામાં અનેકવિધ સેવા સંસ્થાઓ સાથે સંકળાયેલા અને જૂની પેઢીના જાણીતા કાર્યકર શ્રી કરસનભાઈ દેવજીભાઈ સોનગરાનું ૧૦૧ વર્ષની જૈફ વયે તા. ૨૪-૦૪-૨૦૨૫ના દિવસે નિધન થયેલ છે.

શ્રી કરસનભાઈ સોનગરા ખંભાલિયાની જાણીતી એમ.પી.શાહ સાર્વજનિક છાત્રાલયના સ્થાપક અને મંત્રી, ખંભાલિયાની સને ૧૯૫૧માં રચાયેલ નગરપાલિકાના એક માત્ર હયાત સભ્ય હતા. તેઓશ્રી હરિજન સેવક સંઘના સૌરાષ્ટ્ર વિભાગના સંચાલક તરીકે વર્ષો સુધી સેવા પ્રદાન કરેલ જેમાં તે સમયમાં ખૂબ અઘરૂં એવું અસ્પૃશ્યતા નિવારણનું કામ કરેલ અને સફળતા મેળવેલ. તેઓશ્રીએ વર્ષો સુધી ખેડૂતોની સર્વોદય જૂથ એવા સહકારી મંડળી અને શારદા હાઈસ્કૂલમાં સેવા આપી ચૂક્યા છે. તેઓશ્રી ૩૦ વર્ષ સુધી ખેડુતો માટેની સર્વોદય જૂથ સેવા સહકારી મંડળીમાં ઉપપ્રમુખ તરીકે ફરજ બજાવી સતવારા જ્ઞાતિના ખેડૂતોને રાસાયણિક ખાતર, બિયારણ, જંતુનાશક દવાનું કિફાયત ભાવે વિતરણ કરી સમાજના ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવા પ્રોત્સાહન કરેલ.

જામ ખંભાલિયાના સૌ પ્રથમ ધારાસભ્ય (સને ૧૯૫૨) શ્રી હરિભાઈ રામજીભાઈ નકુમ-હરિબાપા જેઓ સમસ્ત સતવારા સમાજના સૌ પ્રથમ ધારાસભ્ય તરીકે ત્રણ ટર્મ-૧૫ વર્ષ ફરજ બજાવેલ તેમની સાથે રહીને શ્રી કરસનભાઈએ સતવારા સમાજની શિક્ષણ, સામાજીક અને ખેતી વ્યવસાયની પ્રગતિમાં ફાળો પ્રદાન કરેલ. તે સમયગાળા દરમ્યાન મોરબી અને ખંભાલિયાના સતવારા સમાજ, ભણતર અને સામાજીક રીતે અગ્રેસર હતા. શ્રી હરીબાપા તેમજ શ્રી કરસનભાઈના સંયુક્ત પ્રયાસથી સ્થાપેલ શારદા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શાખામાં સતવારાના બાળકોને ભણતર માટે પ્રોત્સાહિત કરી યોગ્ય પ્લેટફોર્મ પૂરૂં પાડેલ.

શ્રી કરસનભાઈ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ અને રાષ્ટ્રીય શાળા, રાજકોટના વ્યવસ્થાપક મંડળ અને ટ્રસ્ટી મંડળના સભ્ય જીવન પર્યંત રહી ચૂક્યા છે. તેઓશ્રીને જુદી જુદી સંસ્થાઓ તરફથી સામાજીક સેવાઓ માટે એવોર્ડ વડે સન્માનિત કરવામાં આવેલ.

ફૂલછાબ દૈનિક દ્વારા તેમને વર્ષ ૨૦૧૮ નો સામાજીક સેવાઓ માટેના એવોર્ડ કથાકાર શ્રી મોરારીબાપુના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. એ દિવસોમાં આભડછેડ નિવારણના કામ માટે પદયાત્રાનું પણ આયોજન કરવામાં આવતું. જેમાં ગામે ગામ જઈ મુલાકાત અને મિટીંગ યોજી સમાજના કલંક રૂપી અસ્પૃશ્યતા દૂર કરવામાં સમજાવવામાં આવતું. છેલ્લે આવી પદયાત્રા દક્ષિણ ગુજરાતના દાંડી થી સાબરમતી આશ્રમ સુધી યોજેલ તેમાં ભાગ લીધેલ.

આ ઉપરાંત પૂ. વિનોબાજી ભાવેની ભૂદાન (ભૂમિદાન) માટેની ચળવળમાં ભાગ લઈ જામનગર જિલ્લામાં ૨૫૦૦ વિઘા જમીન ભુદાનમાં મેળવી જે જમીન વિહોણા ખેડૂતોને વિતરણ કરેલ.

તેમના ધર્મપત્ની સ્વ. રામકુંવરબેન ૧૯૫૧ના વર્ષથી જીવન પર્યંત ઉપરોક્ત દરેક પ્રવૃત્તિમાં મદદગાર થયેલા હતા. ખંભાલિયાના મહિલા મંડળમાં જોડાઈ વર્ષો સુધી સેવા આપેલ. શ્રી કરસનભાઈ વિવિધ સામાજીક સેવાઓ સાથે જીવંત પર્યંત જોડાઈ પ્રદાન કરેલ તે હંમેશા યાદ રહેશે

**લિ. પ્રશાંતભાઈ - મો. ૯૪૦૮૭ ૯૨૬૦૭**

# સમુહ લગ્ન યુવક મંડળ (પશ્ચિમ) દ્વારા અમદાવાદના આંગણે આઠમો લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

વ્હાલા જ્ઞાતિ બંધુઓ '' જયસિદ્ધનાથ''સહર્ષ જણાવવાનું કે શ્રી સિદ્ધનાથ દાદાની અસીમ કૃપાથી શ્રી સતવારા જ્ઞાતિ સમુહ લગ્ન યુવક મંડળ (પશ્ચિમ) દ્વારા અમદાવાદના આંગણે સતત આઠમો સમુહ લગ્નોત્સવ સંવત ૨૦૮૧ ને ચૈત્ર વદ સાતમને રવિવારે તા : ૨૦/૪/૨૦૨૫ના શુભ દિવસે આયોજન કરવામાં આવ્યું હતું. સમુહ લગ્નમાં પાંચ નવદંપત્તિઓએ અગ્નિદેવની સાક્ષીએ, સપ્તપદીના મંત્રોચ્ચારથી, જ્ઞાતિ મહાનુભાવો આશીર્વાદ સાથે નવદંપત્તિઓએ મંગળફેરા ફર્યા હતા. ગુજરાતનું મેટ્રો શહેર એવા અમદાવાદમાં સતત આ આઠમો સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરમાં સમગ્ર ગુજરાતમાંથી આશરે ૨૦૦૦ જેટલા કુટુંબો વસવાટ કરે છે. આ તમામ લોકો સમુહ લગ્નના આયોજનમાં તન-મન-ધનથી પૂરતો સહયોગ આપે છે. અને તેમના થકી જ સમુહ લગ્ન સફળતા પૂર્વક સંપન્ન થાય છે. આજના મોંઘવારીના યુગમાં લગ્નોત્સવ ખૂબ મોંઘા થઈ ગયા છે. લગ્નમાં લોકો દેખા-દેખીથી પોતાની હેસિયત કરતા પણ વધારે ખર્ચાઓ કરી નાખતા હોય છે. સમાજમાં મોટો મોભ્ભો દેખાડવા મા-બાપ દેવું કરીને, વ્યાજે લાવીને પણ દીકરા-દીકરીના લગ્ન કરાવતા હોય છે. મા-બાપ પોતાની જિંદગીભરની કમાણી લગ્ન પાછળ ખર્ચી નાખતા હોય ચે. આવા લગ્ન પાછળ થતા ખોટા ખર્ચાઓ આર્થિક રીતે મધ્યમ આપણા સમાજને પોષાય તેમ હોતા નથી. લગ્ન પાછળ થતો આવો ધૂમ ખર્ચ બચાવી આ પૈસા સમાજના દીકરા-દીકરીના શિક્ષણ પાછળ ખર્ચવામાં આવે તો સમાજ વધુ શિક્ષિત થશે, સમાજનો ઉત્કર્ષ થશે અને સમાજના દીકરા-દીકરીને યોગ્ય શિક્ષિત જીવનસાથી મળી રહેશે. આમ લગ્ન પાછળ થતા ખોટા ખર્ચાઓ અટકાવી સમાજ દ્વારા યોજાતા સમુહ લગ્નમાં જોડાઈ કુટુંબ તેમજ સમાજને વધુ સમુદ્ધ અને મજબૂત બનાવીએ. હિન્દુ ધર્મમાં કોઈ પણ શુભ કાર્યની શરૂઆત ગણેશ પૂજનથી થતી હોય છે. સવારે ૭-૩૦ વાગે ગણેશ સ્થાપનાથી લગ્નોત્સવની શરૂઆત કરવામાં આવી. ત્યાર બાદ હિન્દુ સંસ્કૃતિના રીત રિવાજ મુજબ બ્રાહ્મણોના મંત્રોચ્ચારથી નવદંપત્તિઓએ મંગળફેરા ફર્યા. સગા સબંધીઓએ મંગળ ફેરા ફરતી વખતે નવદંપતિ પર પુષ્પવર્ષા કરવામાં આવી. આમ સગા સંબંધી તથા સમાજના લોકોની મોટી ઉપસ્થિતિમાં લગ્ન વિધિ સંપન્ન કરવામાં આવી. ત્યાર બાદ ૧૧-૦૦ વાગે જ્ઞાતિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવદંપત્તિને આશીર્વાદ આપવા માટે શ્રી રાજુભાઈ મકવાણા (મહામંત્રી, શ્રી સમસ્ત સતવારા મહામંડળ), શ્રી ભરતભાઈ જી. પરમાર (પ્રમુખશ્રી, શ્રી સતવારા જ્ઞાતિ મંડળ-અમદાવાદ), શ્રી ઈશ્વરભાઈ એમ પરમાર (પૂર્વ પ્રમુખશ્રી, શ્રી સતવારા જ્ઞાતિ મંડળ-અમદાવાદ), શ્રી જસમતભાઈ વી. ચાવડા (પ્રમુખશ્રી, શ્રી સતવારા જ્ઞાતિ મંડળ-પૂર્વ અમદાવાદ), શ્રી અંબાલાલ એલ. સતવારા (ચેરમેન શ્રી સિદ્ધનાથ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી), શ્રી વિજયભાઈ ચાવડા (પ્રમુખશ્રી, શ્રી સતવારા જ્ઞાતિ બચત મંડળ-પશ્ચિમ અમદાવાદ), શ્રી અલકાબેન પી. મિસ્ત્રી (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેટર, ચેરમેન શ્રી મહિલા અને બાળ વિકાસ), શ્રી પંકજભાઈ કે. પરમાર (ખજાનચી, શ્રી સમસ્ત સતવારા મહામંડળ), શ્રી રમણભાઈ સી. મકવાણા (તંત્રી શ્રી સતવારા દર્પણ), શ્રી પ્રદ્યુમનભાઈ મિસ્ત્રી (પ્રમુખશ્રી, સતવારા કડિયા પ્રગતિ મંડળ-અમદાવાદ), શ્રી ઈતેશભાઈ લકુમ (ઉદ્યોગપતિ), શ્રી જયેશભાઈ આઈ. રાઠોડ, (મંત્રી શ્રી સતવારા જ્ઞાતિ મંડળ-અમદાવાદ), શ્રી કૌશિકભાઈ સથવારા (દઢાવ્યા પરગણા સમુહ લગ્ન કન્વીનર), શ્રી પ્રકાશભાઈ મણિલાલ સતવારા (સમુહ લગ્નના મુખ્ય દાતાશ્રી) શ્રી કિશનભાઈ મુજપરા શ્રી પરાગભાઈ સોનગરા, શ્રી હરેશભાઈ કણઝરીયા, શ્રી ચંદ્રેશભાઈ કડિયા વગેરે મહાનુભાવો તથા મોટી સંખ્યામાં જ્ઞાતિ બંધુઓ નવદંપતિને આશીર્વાદ આપવા ઉપસ્થિત રહ્યા હતા. સમુહ લગ્નના આયોજક દ્વારા

આગામી નવમા સમુહ લગ્ન માટેની જાહેરાત કરવામાં આવી હતી અને તે માટે દાનની અપીલ કરવામાં આવતા દાતાશ્રીઓએ દાનનો પ્રવાહ વહેવડાવતા સમુહ લગ્નના મુખ્ય દાતા, ભોજન સમારંભના મુખ્ય દાતા, દીકરી દત્તકના દાતાઓ તથા અન્ય દાન દાતાઓએ મોટી સંખ્યામાં નોંધાવ્યું હતું. સમુહ લગ્નમાં ''સ્વરના સથવારે'' ગ્રુપ દ્વારા લગ્ન ગીતોની જમાવટથી વાતાવરણને જીવંત બનાવવામાં આવ્યું હતું. જ્ઞાતિ સભા બાદ સ્વરૂચી ભોજન સમારંભનું આયોજન કરવામા આવ્યું હતું. લગ્ન સમારંભમાં આવેલ તમામ લગભગ ૨૦૦૦ જેટલા જ્ઞાતિજનોએ સ્વાદિષ્ટ ભોજનનો લાભ લીધો હતો. ત્યાર બાદ બપોરના સમયે ખૂબ લાગણીસભર વાતાવરણમાં સમુહમાં કન્યા વિદાય કરવામાં આવી હતી. ત્યારે ખૂબ જ હૃદય દ્રાવક દશ્યો સર્જાયા હતા. સૌ કોઈની આંખો અશ્રુભીની હતી. આયોજકોએ નવદંપતીઓ પર ફૂલોનો વરસાદ વરસાવી આશીર્વાદ આપ્યા હતા. અમદાવાદના સમુહ લગ્નની મુખ્ય ખાસિયત એ છે કે અત્યાર સુધીમાં સમુહ લગ્નમાં મંડપ સર્વિસ, રસોઈ, સાઉન્ડ સિસ્ટમ, લાઈટ વગેરે દરેક કોન્ટ્રાક સમાજના લોકોને જ આપવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ૩૦ જેટલા મહિલા સ્વંયસેવક સહિત ૧૫૦ જેટલા સ્વયંસેવકોએ ઉભા પગે સેવા આપી હતી. સમુહ લગ્નના આયોજકો આ તમામ સ્વયંસેવકોનો હૃદયથી આભાર માને છે.

**સંકલનકર્તા : શ્રી જયેશભાઈ ઇશ્વરલાલ રાઠોડ-અમદાવાદ**

## સમુહ લગ્નના કન્વીનર શ્રી અમૃતભાઈ કણઝરીયાનો આભાર સંદેશ

શ્રી સતવારા જ્ઞાતિ સમુહ લગ્ન યુવક મંડળ અમદાવાદ (પશ્ચિમ) દ્વારા તા. ૨૦-૪-૨૫ના રોજ આઠમો સમુહ લગ્ન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં આપણા સતવારા સમાજના આશરે ૨૦૦૦ લોકોએ હાજર રહીને સમુહ લગ્નની શોભા વધારી હતી. આ સમુહ લગ્ન ઉત્સવમાં શ્રી સતવારા સમુહ લગ્ન યુવક મંડળના સભ્યો અને એના કાર્યકર્તાઓએ એ સમુહ લગ્ન ઉત્સવમાં તન મન અને ધનથી ફાળો આપેલો છે. આ સમુહ લગ્ન ઉત્સવમાં દાતાઓનો પણ અમુલ્ય ફાળો રહેલ છે. જેમ કે સથવારા પ્રકાશભાઈ મણીભાઈ ગામ ચરાડા હાલ અમદાવાદ તરફથી ૫૧૦૦૦નો ફાળો આપીને સમુહ લગ્નના મુખ્ય દાતા બનેલા હતા. કડિયા ભરતભાઈ તથા જનકભાઈ એમના માતૃશ્રી સવિતાબેન જેઠાભાઈ ગામ વસઈ હાલ અમદાવાદ ૩૧,૦૦૦ નો ફાળો આપીને સમુહ લગ્નના જમણવારના મુખ્ય દાતા બનીને સમાજનું ઋણ અદા કર્યું હતું. તિજોરીના દાતા શ્રી ભુરાભાઈ સી. લકુમ સાણંદ, પાનેતરના દાતા શ્રીમતી જસુબેન વિનોદભાઈ મકવાણા, સેટેલાઈટ અમદાવાદ એક એક દિકરીના દાતાશ્રીઓમાં શ્રી ભરતભાઈ જે. પરમાર, સ્વ. ગોમતીબેન કચરાલાલ કડિયા હસ્તે શ્રી કૌશીકભાઈ, શ્રી પિન્ટુભાઈ, શ્રી મનીષભાઈ, શ્રી પ્રહલાદભાઈ મકવાણા, શ્રી રસીકભાઈ પી. સતવારા, શ્રી દીલીપભાઈ પી. સોનગરા નામ નહિ લખવાની શરતે રામભરોસે આપ્યા હતા. ચાંદીના મંગળસૂત્ર શ્રી ચામુંડા જ્વેલર્સવાળા શ્રી ધનજીભાઈ ચાવડા, ડબલ બેડના દાતા શ્રી પ્રકાશભાઈ સી. હડિયલ, ચાંદીના ગુંઠા શ્રી ઉમેશભાઈ એન. કણઝરીયા, દિકરીઓને ચાંદીની ગાય આપેલ તેના દાતા શ્રી ઈતેશભાઈ લકુમ, લગ્ન ચુડાસેટ સ્વ. પારુલબેન સુરેશભાઈ પરમાર, દુલ્હન સેટ શ્રી જલ્પેશભાઈ જી. કણઝરીયા, સિંગલ પંખા શ્રી ચંદ્રકાંતભાઈ કે. નકુમ, સ્ટીલના બેડા શ્રી પ્રકાશભાઈ એમ. હડિયલ, દિવાલ ઘડિયાળના દાતા શ્રી જયેશભાઈ એચ. ડાભી, ઠંડી છાશના દાતા શ્રી કિશનભાઈ મુજપરા અને શ્રી નરેશભાઈ સતવારા આપણે જે જગ્યા ઉપર સમુહલગ્ન કાયમ કરીએ છીએ તેને કેમ ભુલાય. શ્રી નાનુભાઈ શામળભાઈ પટેલ દ્વારા આ જગ્યા સમુહ લગ્નોત્સવ પેટે કાયમ આપે છે. અને આ સમુહ લગ્નરૂપી આ યજ્ઞમાં સમુહ લગ્નના કાર્યકરો અને દાતાઓનો અને આ સમુહ લગ્નમાં સેવા આપીને કોઈપણ રીતે સહાયરૂપ થયા હોય એ બધાનો સમુહ લગ્ન યુવક મંડળ હૃદય પૂર્વક આભાર માને છે અને સમુહ લગ્ન યુવક મંડળને જયારે જયારે પણ કોઈ પણ જાતની તકલીફ હોય કોઈ પણની જરૂર હોય ત્યારે શ્રી જયેશભાઈ રાઠોડ અરજણભાઈ તારબુંદિયા અમારી જોડે ઊભા રહીને સલાહ સૂચનો કરેલા છે એના માટે સમુહ લગ્ન યુવક મંડળ તરફથી હું અમૃત કણઝરીયા એમનો આભાર માનું છું.



॥ શ્રી ગણેશાય નમઃ ॥
શ્રી ૧।
શ્રી સતવારા સમાજ - અમદાવાદ(પશ્ચિમ)
શ્રી સતવારા જ્ઞાતિ સમૂહલગ્ન યુવક મંડળ દ્વારા આયોજ
સમૂહલગ્ન સમારોહ- ૨૦૨૫
નિમંત્રક : શ્રી સતવારા જ્ઞાતિ સમૂહલગ્ન યુવક મંડળ






શ્રી સતવારા સમાજ
સમુહલગ્ન યુવક મંડળ અમદાવાદ
૮ મો સમુહ લગ્નોત્સવના રૂ. ૫૧,૦૦૦/-ના મુખ્ય દાતાશ્રી
સ્વ. શારદાબેન મણીલાલ સથવારા
સ્વ. મણીલાલ સાંકળચંદ સથવારા
ગામ ચરાડા, હાલ અમદાવાદ
હસ્તે : પ્રકાશ મણીલાલ સથવારા - કિંજલ પ્રકાશ સથવારા - નીરૂબેન મણીલાલ સથવારા






MANOHAR MUSICALS






સમૂહ લગ્ન સમારોહ-૨૦૨૫

















# બેંક લોન-સમાજ વિકાસનો મહા માર્ગ

(લેખક શ્રી સ.સ.મહામંડળના પૂર્વમંત્રી (વર્ષ-૧૯૯૯ થી ૨૦૦૮- ૯ વર્ષ) મંત્રી શ્રી ઝાલાવાડ સતવારા બોર્ડિંગ-જોરાવરનગર (વર્ષ-૧૯૭૫ થી ૧૯૯૭-૨૨ વર્ષ) પ્રમુખ શ્રી સતવારા ઈતિહાસ સમિતી (૨૦૧૩ થી ...) શ્રી સી.ડી. કપાસી હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ-ચુડા, આચાર્ય ૮ વર્ષ - ૧૯૯૭ તી ૨૦૦૧)

શિક્ષણના વિકાસ વગર સમાજનો વિકાસ શક્ય નથી. મોંઘવારીના કારણે શિક્ષણ મોંઘુ થતાં સામાન્ય માણસ ઉચ્ચ શિક્ષણ લઈ શકે તેમ નથી, પરંતુ બેંકો ઉચ્ચ શિક્ષણ માટે ખૂબ જ આર્થિક મદદ કરે છે. તેનો લાભ લે તો ગરીબમાં ગરીબ વિદ્યાર્થી પણ અસાધારણ પ્રગતિ સાધી શકે છે.

જો કે બેંક લોન પણ સરળ નથી, પરંતુ કોઈ તેજસ્વી વિદ્યાર્થી ભાઈ કે બહેન કોઈ જાણીતા નોકરીયાત, વેપારી કે આગેવાન સાથે લોન માગવા બેંક મેનેજરને મળવા જાય, તો બેંક મેનેજરને વિશ્વાસ બેસે કે લોનની રકમ ડૂબશે નહીં. લોન આપવી ન આપવી બેંક મેનેજરની મરજીની વાત છે. બેંક મેનેજરને લોનની રકમ પાછી મળવાની ખાત્રી થાય તો તે લોન સામે જો લોનની રકમ પાછી મળવાનો વિશ્વાસ ન બેસે તો લોન આપે નહીં. તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેન સાથેના મહાનુભાવો -આગેવાન, પ્રતિષ્ઠિત વેપારી કે નોકરીયાત સાથેની વાત ઉપરથી બેંક મેનેજરને ખાત્રી થાય કે લોનની રકમ જરૂર પાછી મળશે, તો બેંક મેનેજર જરૂર લોન આપશે. જરૂર છે બેંક મેનેજરને લોનની રકમ પાછી મળવાના વિશ્વાસની આ વિશ્વાસ લોન લેનાર સાથેના ''મહાનુભાવો''ની હાજરીથી થાય છે. તેથી કોઈ પણ ગમે તેવા તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેને બેંક મેનેજર પાસે એકલા જઈ બેંક લોનની માગણી કરવી જોઈએ નહીં, પોતાના વાલી ઉપરાંત બે-ત્રણ પ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે જ બેંક મેનેજર સાહેબ સાથે લોન બાબત માંગણી-વાતચીત કરવા જવું જોઈએ.

મારો અનુભવ છે (૧) મારા એક સગાએ દીકરાને સારી કોલેજમાં ભણાવવા સગા-સંબંધીઓ પાસેથી એક વર્ષમાં રૂા. ૮૦,૦૦૦/-ઉછીના લીધા. મેં તેમને પહેલાં જ બેંક લોન લેવા કહેલ, પણ તેમણે મોટી મોટી વાતો કરેલ. પણ બેંક લોન લીધેલ નહી. વર્ષાંતે તેઓ મારા ઘેર આવેલ અને મને આ વાત કરી. તેમને (ફરીવાર) બેંક લોન લેવા કહેલ. તેમણે મને કહ્યું કે એક મહંતસાહેબ ખાસ સંબંધી છે. તે ભલામણ કરે તો મળે ? મેં કહ્યું મહંત સાહેબ નહીં, પ્રધાનસાહેબ ફોન કરે તો પણ બેંક મેનેજરને વિશ્વાસ ન બેસે તો લોન ન આપે પણ મને લાગ્યું કે આમની મોટી મોટી વાતોથી કાંઈ વળશે નહીં, તેથી હું તેમની સાથે ગયો. સાથે બેંક સામેની દુકાનવાળા સતવારા-સંબંધીને સાથે લીધા. અમે બેંક મેનેજર સાહેબને મળ્યા. બેંક મેનેજરે કહ્યું કે અમે આવી કોઈ લોન આપતા નથી, ઉપર પુછવું પડે. મેં કહ્યું કે સાહેબ ઉપર પુછી જુઓને, ઈશ્વર કૃપાથી તેમણે ઉપરી અધિકારીને પૂછ્યું અધિકારીએ કહ્યું કે લોન આપી શકાય છે. તેમણે અમને બાકીના ત્રણ વર્ષ માટે રૂા. ૨,૪૦,૦૦૦/- લોન આપવાની સંમતિ આપી. અમે પણ તેમને ખાત્રી આપી કે (૧) વિદ્યાર્થી તેજસ્વી છે, નોકરીના એક-બે વર્ષમાં જ લોન ચુકવી આપશે. (૨) વિદ્યાર્થીના પિતાને જમીન છે, પણ ભાઈઓના ભાગમાં છે. (૩) જામીન-ગામમાંથી આપ જેને કહો તેને આપીએ (૪) અરજદાર ગરીબ છે, એક વર્ષમાં રૂા. ૮૦,૦૦૦/- ઉછીના લઈને દીકરાને ભણાવેલ છે, પરંતુ હવે ક્યાંયથી ઉછીના મળે તેમ નથી. આપ લોન આપશો, તો એક આશાસ્પદ ગરીબ વિદ્યાર્થીનું જીવન સુધરી જશે. બેંક મેનેજરે લોન આપી. આજે આ વિદ્યાર્થી વિદેશમાં લાખો રૂપિયા કમાય છે.

(૨) મારી દીકરીનો ભાણીયો બી.કોમ. (પ્રથમ વર્ગ)થયો. મેં એમ.સી.એ. કરવા ભલામણ કરી. પરિવાર સામાન્ય હતું, પણ બેંક લોન માટે વાત કરવા (૧) હું (૨) વિદ્યાર્થીના વાલી (૩) વિદ્યાર્થીના ફુવા-

નગરપાલિકા પ્રમુખ, બેંક મેનેજરને બેંક લોન માટે મળવા ગયા. મેનેજરે અમારી વાત સાંભળી પ્રેમથી હા પાડી અને જરૂરી લોન આપી.

આપણો સમાજ આસામી નથી, મધ્યમ વર્ગી છે, તેથી ઉચ્ચ શિક્ષણ માટે લગભગ બધાજને નાણાની જરૂર પડે છે. હવે આપણા સમાજમાં નોકરીયાત, વેપારી કે આગેવાનોનો તૂટો નથી, જો આ મહાનુભાવોને આગળ રાખી વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉચ્ચ શિક્ષણ માટે બેંક લોન લેવા પ્રયત્ન કરે અને આ મહાનુભાવો સહકાર આપે, તો તેમનું કામ ૧૦૦%નું સફળ થાય, તેમનું જીવન ભવ્ય અને દિવ્ય થઈ જાય. સાથે આવનાર મહાનુભાવોને પણ સત્કાર્ય કર્યાનો આનંદ અને ગર્વ થાય.

આપણે સૌ જાણીએ છીએ કે બેંકો પાસે પુષ્કળ પૈસા છે. સરકાર અને સંસ્થાએ તેમને માગે તેટલી લોન મંજુર કરવાની સત્તા આપેલ છે. પરંતુ મોટા ભાગના બેંક મેનેજરો આવી કોઈ લપમાં પડવા માંગતા નથી, તેથી પહેલાં તો લોન આપવાની ના જ પાડે છે. વિદ્યાર્થી વારંવાર કોઈ મહાનુભાવોને લઈને જાય છે, ત્યારે છેવટે બેંક મેનેજર ના છુટકે લોન આપે છે. આ પરિસ્થિતિમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો, વાલીઓ તથા આગેવાનોએ ધીરજ રાખી પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ. યોગ્ય વ્યક્તિને લોન મળે છે, મળે જ છે, જેની ખાત્રી અને વિશ્વાસ રાખવા સૌને વિનંતી છે.

(૧) શિક્ષણ વગર સમાજનો વિકાસ-ઉદ્ધાર નથી, (૨) ગરીબ વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે બેંક લોન સિવાય કોઈ આરો વારો નથી. (૩) એક માત્ર વિદ્યાર્થી અને તેના વાલીના જવાથી બેંક લોન મળવાની નથી (૪) તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેન સાથે તેમના વાલી ઉપરાંત કોઈ એક બે આગેવાનો, વેપારી કે નોકરિયાતને સાથે લઈ જઈ બેંક મેનેજરને મળશે. તો બે-ત્રણ ધક્કા પછી પણ લોન મળશે, મળશે, મળશે જ. જરૂર છે સારા બે-ત્રણ લોકો સાથે જરૂર પડે તેટલીવાર બેંક મેનેજરને મળવાની. લોન મળવાથી ગરીબ તેજસ્વી વિદ્યાર્થીની કારકીર્દી આભને આંબી જાય છે.અને આ જ રીતે હજારો લાખો ભાઈ-બહેનો બેંક લોન લઈ કારકીર્દિ બનાવશે, તો એક સમયે આપણા સમાજની મહાનતા પણ આભને આંબી જશે.

આમ કરવામાં કોઈને વાંધા જેવું ન હોઈ શકે. આ એક મહાન સેવા-પરમાર્થનું કાર્ય છે. કોઈને પૈસા, અનાજ કે કપડા દેવાથી વહેલા-મોડા, પૈસા વપરાઈ જશે, અનાજ ખવાઈ જશે, કપડા ફાટી જશે. પરંતુ કોઈને લોન અપાવી ધંધે ચડાવ્યા હશે તો તે આને પાત્રની જેમ રોજ રોજ કમાણી કરતા જશે, આવક મેળવતા જશે અને ખૂબ સુખી થશે, ખૂબ સુખી થશે, ખૂબ સુખી થશે, અને જેમણે તેમને સહકાર આપ્યો છે તેમને આજીવન અહોભાવથી યાદ કરતા રહેશે.

આ સેવા-પરમાર્થ કાર્ય બધાએ પ્રેમથી અને હોંશે હોંશે કરવું જોઈએ. અને કોઈ પણ ભોગે કરવું જ જોઈએ.

આ સમાજ-વિકાસનો સૌથી સરળ અને મહાન ઉપાય છે. સમાજના બધા જ મહાનુભાવો, આગેવાનો, પ્રતિષ્ઠિત વેપારીઓ, મોટા ખેડૂતો, નોકરીયાતોને તન-મન-ધનથી આ કાર્ય કરવા ખાસ વિનંતી.

આમાં કોઈ જોખમ નથી. (૧) જામીન તો લોન લેનારના સગા-સંબંધીઓ હશે. (૨) લોન ચુકવવાની જવાબદારી વિદ્યાર્થીની છે. (૩) ભલામણ કર્તાઓની કોઈ જવાબદારી રહેતી નથી, તો આટલું સેવા કાર્ય-પરમાર્થ કાર્ય કરવા ખાસ વિનંતી છે.

સમાજનો વિકાસ કરવાની બધાની જવાબદારી છે, તેથી દરેક સમાજ પ્રેમી ભાઈ બહેને આ પવિત્ર અને મહાન કાર્યમાં સહકાર આપવા વિનંતી છે. વિદ્યાર્થી ભાઈ બહેનોને કોઈ પણ ભોગે લોન લેવા અને ઉત્તમ કારકીર્દિ બનાવી મહાન બનવા અને સમાજ સેવા કરી દેશ અને દુનિયામાં નામ કમાવવા ખાસ વિનંતી છે.

ખાસ નોંધ : આ લેખ દરેકે એક પોતાના વોટ્સએપગ્રુપમાં મૂકી બહોળો પ્રચાર કરવા વિનંતી છે.

ખાસ નોંધ : આ મુખ પત્ર મર્યાદિત ઘેર જાય છે, ને ત્યાં જતું નથી. ભણનાર હજારો-લાખ્ખો છે. તેમના સુધી આ લેખ પહોંચાડવા દરેક વાચકને વોટ્સગ્રુપમાં વોટેસએપ કરી દરેક સુધી સમાચાર પહોંચાડવા વિનંતી છે.

**લિ. રામજીભાઈ મગનભાઈ મકવાણા**
**પૂર્વમંત્રી, શ્રી સ.સ.મહામંડળ**

# શ્રી સમસ્ત સતવારા સમાજ કોઠારીયા તાલુકોઃ વઢવાણ દ્વારા આઠમો શૈક્ષણિક સન્માન સમારોહ તા. ૭-૬-૨૦૨૫ના રોજ યોજાયો

શ્રી સમસ્ત સતવારા સમાજ કોઠારીયા તાલુકો : વઢવાણ દ્વારા આઠમો શૈક્ષણિક સન્માન સમારોહ તા. ૭-૬-૨૦૨૫ને શનિવારના રોજ યોજાયો. જેમાં ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક અને વઢવાણ વિધાનસભાના ધારાસભ્ય શ્રી જગદીશભાઈ મકવાણા સાહેબ ઝાલાવાડ બોર્ડિંગના મંત્રી શ્રી રામજીભાઈ લકુમ, શ્રી સતવારા એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી નંદકિશોરભાઈ કણઝરીયા, સતવારા દર્પણના સહતંત્રી શ્રી શંકરભાઈ કણઝરીયા સુરેન્દ્રનગર યુવા વક્તા શ્રી હરેશભાઈ ડાભી-ભૃગુપુર, શ્રી જયેશભાઈ પરમાર સુરેન્દ્રનગર, ડૉ. જીગ્નેશભાઈ ચૌહાણ, ડૉ. ગૌતમભાઈ સોનગરા, શ્રી સતવારા સોશિયલ ગ્રુપ રતનપરના, શ્રી કિશોરભાઈ જાદવ, શ્રી નિલેશભાઈ કણજરીયા, સતવારા કેળવણી મંડળ વઢવાણના શ્રી રમણીકભાઈ પરમાર, શ્રી શામજીભાઈ પરમાર, શ્રી ધીરૂભાઈ, શ્રી મેરૂભાઈ, સતવારા યુવા ચેરીટેબલ ટ્રસ્ટ વઢવાણના પ્રમુખશ્રી વિનોદભાઈ ડોડીયા, શ્રી ભરતભાઈ પરમાર, શ્રી પ્રકાશભાઈ ચૌહાણ અને તેમની ટીમ, વાડલા ગામના કાર્યકર્તાઓ, શ્રી દશરથભાઈ જાદવ, કંકાવટી ગામના કાર્યકર્તાઓ શ્રી વાસુદેવભાઈ રાઠોડ, શ્રી જીતેન્દ્રભાઈ કણઝરીયા અને તેમની ટીમ લીંબડી સમુહલગ્ન કમિટી પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ કણઝરીયા, શ્રી રમણીકભાઈ કલ્પેશભાઈ ચાવડા ૮૦ ફૂટ રોડ શ્રી હરજીભાઈ લકુમ સાયલાથી શ્રી કમલેશભાઈ, શ્રી ભરતભાઈ દલસુખભાઈ, તેમજ કોઠારીયા ગામના સતવારા સમાજના આગેવાનો લકુમ શ્રી દિલીપભાઈ જગમાલભાઈ લકુમ, શ્રી પ્રવીણભાઈ ઘનશ્યામભાઈ લકુમ શ્રી અમૃતભાઈ વજાભાઈ લકુમ, શ્રી શામજીભાઈ વિઠ્ઠલભાઈ હડિયલ, શ્રી તળશીભાઈ જેઠાભાઈ, શ્રી ઘનશ્યામભાઈ સોનગરા, શ્રી શામજીભાઈ ઈનામ વિતરણ ટીમ, વડીલો, યુવાનો, કાર્યકર્તાઓ, ભાઈઓ-બહેનો, માતાઓ અને વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીની મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. જય સિદ્ધનાથ

# શ્રી સતવારા જ્ઞાતિ મંડળ સમુહ લગ્ન યુવક મંડળ અમદાવાદ (પશ્ચિમ) દ્વારા નવમો સમુહ લગ્ન સમારોહ

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે શ્રી સિદ્ધનાથ મહાદેવની અસીમ કૃપાથી અને જ્ઞાતિ બંધુઓના સહિયારા સાથ અને સહકારથી અમદાવાદના આંગણે નવમો સમુહ લગ્ન ઉત્સવ તા. ૨૨-૦૨-૨૦૨૬ને રવિવારનું આયોજન કરેલ છે.

**સમુહ લગ્નનું સ્થળ : એસ.એલ.ફાર્મ. જી.એસ.ટી. બ્રીજની બાજુમાં, ન્યુ રાણીપ, અમદાવાદ**

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૩૧-૧૨-૨૦૨૫ની રહેશે.**

**દાન આપવા માટે તેમજ સમુહ લગ્નમાં જોડાવા માટે સંપર્ક કરો :**

| | |
|---|---|
| શ્રી અમૃતભાઈ કણજરિયા - રાણીપ | મો. ૭૩૮૩૨૧૧૯૭૭ |
| શ્રી કિશોરભાઈ ચાવડા (રાણીપ) | મો. ૯૮૨૫૧૪૮૬૭૫ |
| શ્રી મહાદેવભાઈ લકુમ (બાપુનગર) | મો. ૭૦૪૧૪૦૫૦૬૦ |
| શ્રી અર્જનભાઈ તારબુંદીયા (બોપલ) | મો. ૯૮૯૮૮૩૬૦૨૮ |
| શ્રી જયભાઈ મકવાણા (સેટેલાઈટ) | મો. ૯૦૯૯૦૪૧૫૬૬ |
| શ્રી જયેશભાઈ રાઠોડ - (ન્યુ રાણીપ) | મો. ૯૯૭૯૯૫૮૨૮૫ |



શ્રી સમસ્ત સતવારા સમાજ
કોઠારીયા
સ્થળ :-
કોઠારીયા




કોઠારીયા



॥ જય દ્વારકાધીશ ॥

# સ્વ. જેઠાભાઈ માંડણભાઈ કણઝારીયાની
# વંદના હોટલ, દ્વારકા






:: સુવિધા ::

- ડાઈનીંગ હોલ
- એ.સી. અને નોન એ.સી. રૂમ
- ઠંડા ગરમ પાણીની સુવિધા
- ટી.વી. વીથ કેબલ
- કાર પાર્કિંગ
- વાઈ-ફાઈ ઈન્ટરનેટ સુવિધા

**પ્રો. ચંદ્રકાંતભાઈ જેઠાભાઈ કણઝારીયા**
**ક્રિષ્નકુમાર ચંદ્રકાંતભાઈ કણઝારીયા**

સ્ટેટ હાઈવે, સ્ટેશન રોડ, દ્વારકા. મો. ૭૯૦૦૪ ૨૭૪૪૦

Website : www.hotelvandana.com

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા નમ્ર અપીલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ, નમસ્કાર

સવિનય સહ જણાવવાનું કે સતવારા દર્પણના નવા સભ્ય થવાના પંચવર્ષિય રૂા. ૫૦૦, દશવર્ષિય રૂા. ૧૦૦૦ અને આજીવન રૂા. ૨૦૦૦ના સભ્ય ફી છે. આમાં ધંધાની જાહેરાતના દર અલગ છે. લગ્ન વિષયક ગામના સમાજનું ગૌરવ, પર્સનલ (વ્યક્તિગત) જાહેરાત આપો ત્યારે રૂ. ૫૦૦ દાનભેટના સીધા જ **બેંક ઓફ બરોડા વાડજ બ્રાંચમાં સેવિંગ્સ ખાતા નં. ૭૨૫૦૦૧૦૦૦૦૩૪૨૨ અને IFSC Code** અને **BARB0 DBNVAD (કોડમાં પાંચમો અક્ષર ઝીરો છે.) આપના રૂા. સીધા ઓનલાઇન જેમકે પેટીએમ, ગુગલ પે, ફોન પે, ભીમ એપ્સ કે અન્ય એપ્સ દ્વારા જમા કરાવવા વિનંતી છે.** તેના **UPI**ના નંબર સાથે **સતવારા દર્પણના તંત્રીશ્રીના મો. નં. ૯૮૨૪૭૮૮૨૦૧** ઉપર વોટ્સએપ દ્વારા અવશ્ય મોકલી આપવા વિનંતી છે. **મનીઓર્ડર કોઇએ કરવો નહિ અથવા રોકડા આપવા નહીં.**

આપણા સમાજમાં દરેક ગામમાં કે શહેરમાં થતા જાહેર કાર્યક્રમો જેવા કે સ્નેહ સંમેલન, ઈનામ વિતરણ, યુવા મેળા, સમુહ લગ્ન, શૈક્ષણિક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ કોઈપણ મેડીકલ કેમ્પ હોય ટુંકમાં સમાજમાં થતા કોઈપણ નાના મોટા જાહેર મેળાવડા થતા હોય તો તે કાર્યક્રમોની સતવારા દર્પણના કાર્યાલય ઉપર વોટસએપમાં પી.ડી.એફ. ફાઈલ બનાવી અવશ્ય મોકલી આપવા તેને સતવારા દર્પણમાં છાપવામાં આવશે. જેથી તમારા કાર્યક્રમની સમાજને જાણ થાય તેમજ તેવા કાર્યક્રમો કરવાની અન્ય ગામ કે શહેરને તેના દ્વારા પ્રેરણા મળશે. જે કોઈ સભ્યને સતવારા દર્પણ ન મળતું હોય સરનામું બદલવાનું હોય તો તેની જાણકારી તુરત સતવારા દર્પણના તંત્રીના ઉપર મુજબના મોબાઈલ નં. ઉપર વોટ્સએપ દ્વારા ગ્રાહક નંબર અને સરનામા સાથે અવશ્ય જાણ કરવા વિનંતી છે. તેમની ફરીયાદનો અવશ્ય નિકાલ કરવામાં આવે છે. અને તેની નોંધ લેવામાં આવે છે. તેમને હું હાથથી લખીને અંક કાયમ મોકલી આપું છું. ગ્રાહકોને સંતોષ આપવો એ જ અમારો મુદ્રાલેખ છે. ઘણા સભ્યોએ પોતાના ઘરના સરનામા બદલ્યા છે છતાં પણ હજુ સુધી સતવારા દર્પણના કાર્યાલયને જાણ કરી નથી તેમને અમોએ મોકલેલ અંક પાછા આવે છે. તેઓએ તેમના ઘરના નવા સરનામાની કાર્યાલય ઉપર જાણ કરવા વિનંતી છે. જેથી તેમને અંક મળી શકે.

**લિ.રાજેશભાઈ કે. મકવાણા મહામંત્રીશ્રી સમસ્ત સતવારા મહામંડળ, રમણલાલ સી. મકવાણા - તંત્રીશ્રી સતવારા દર્પણ**

## શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ સતવારા ભવન હરીદ્વાર

**વ્હાલા જ્ઞાતિજનો,**

**આપ સહુને જણાવવાનું કે જે પણ ભાઈ-બહેનોને હરિદ્વાર ભવનના નિર્માણમાં દાન-ભેટ આપવાની હોય કે લખાવવાની હોય તો તેઓ નીચે દરેકના સરનામા અને મોબાઇલ નંબર આપેલ છે. પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ મો. ૯૫૫૮૩ ૮૯૯૯૯, ૯૮૨૫૦ ૯૫૫૧૬**

**શ્રી હરેશભાઈ શામજીભાઈ જાંબુકીયા - મંત્રીશ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**

**કાર્યાલયનું સરનામું :** પરામાં, શેરી નં. ૫,હાઇસ્કુલ પાસે, મુ.પો. રાણપુર, જી. બોટાદ-૩૮૨૨૪૫,મો. ૭૦૪૬૪ ૨૫૧૧૧

**સતવારા ભવન હરિદ્વારનું સરનામું :** સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ, સતવારા ભવન-૨૫, સંગમપુરી સોસાયટી, સપ્ત સરોવર રોડ, વૈશ્વવદેવીના મંદિર અને ભારતમાતાના મંદિર વચ્ચે, હરિદ્વાર, ઉત્તરાખંડ,

**સમાજના કોઇપણ વ્યક્તિને હરિદ્વાર જવાનું થાય તો સતવારા સમાજનું ભવન છે. જેને સંપર્ક કરવો હોય તો નીચે જણાવેલ મો.નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.**

**સતવારા સમાજ ભવન હરીદ્વારનો સંપર્ક નં. (મો) ૯૯૯૭૦૬૮૨૫૩, ૯૬૨૭૫૧૪૦૭૩**

**દાનભેટ મોકલવા માટે : શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ**

**બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, લીંબડી જી.સુરેન્દ્રનગર શાખા, નં.૩૧૭૮૮૧૩૫૦૯૯ IFSC કોડ નં. SBIN 0010991**

**ખાસ નોંધ : જમા કરાવનાર દાતાનું નામ, ગામ, તાલુકો, જિલ્લો મો. નં. કાર્યાલય પર જમા કરાવતાની સાથે જ કાર્યાલયને આની જાણ અવશ્ય કરવી.**

## શુભેચ્છા સહ

### વંદેમાતરમ્



**શંકરભાઈ આર.દલવાડી - પ્રમુખશ્રી સતવારા મહામંડળ**
**પૂર્વ ચેરમેન ગુજરાત રાજ્ય હાથશાળ અને**
**હસ્તકલા વિકાસ નિગમ લીમીટેડ - ગાંધીનગર**
**(પૂર્વ) પ્રમુખશ્રી**
**લીંબડી નગરપાલિકા મો. ૯૮૨૪૫૦૩૯૨૨**
**સતવારા જ્ઞાતિની ભોજનશાળા પાસે,**
**વચલા પરા લીંબડી, જી. સુરેન્દ્રનગર**

**શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ**
**પ્રમુખશ્રી નંદકિશોરભાઈ એસ.કણઝરીયા લીંબડી**
**મો. : ૯૮૨૪૨૫૬૪૯૧, ૮૨૦૦૪૧૫૭૬૦**

**શ્રી સમસ્ત સતવારા એન્જીનીયર એશોસીએશન**
**પ્રમુખ શ્રી એલ. ડી. હડિયલ, મોરબી**
**મો. ૯૮૨૫૬૪૯૮૫૧,**

**શ્રી સતવારા મેડિકલ પેરા મેડીકલ એશોસીએશન**
**પ્રમુખશ્રી ડો. લાલજીભાઈ કે. મકવાણા**
**મો. ૯૮૭૯૫૭૫૨૦૪- બોટાદ**

**શ્રી સમસ્ત સતવારા કર્મચારી મંડળ**
**પ્રમુખ શ્રી શૈલેષભાઈઝેડ.જાદવ-બોટાદ.મો.: ૯૧૭૩૪ ૪૬૪૨૫**

**શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**
**પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ, જામનગર**
**જામનગર મો. ૯૮૨૫૦૯૫૫૧૬**

**શ્રી સમસ્ત સતવારા ઉદ્યોગપતિ એશોસીએશન**
**પ્રમુખશ્રી અશોકભાઈ સી.કંઝારિયા,ચોટીલા**
**મો.૯૯૨૫૦૪૮૭૦૦**

**શ્રી સમસ્ત સતવારા વિદ્યાર્થી એશોસીએશન**
**પ્રમુખ-શ્રી ઉદયભાઈ વી. ચાવડા મો. ૯૮૯૮૬૮૩૦૧૫**

**શ્રી સમસ્ત સતવારા સી.એ.એશોસીએશન**
**પ્રમુખશ્રી શૈલેષભાઈ બી. જાદવ, સુરેન્દ્રનગર મો.૯૪૨૬૪૩૭૬૮૬**

**શ્રી સમસ્ત સતવારા એડવોકેટ એશોસીએશન**
**પ્રમુખશ્રી કરશનભાઈ એસ. પરમાર, જામનગર**
**મો. ૯૮૨૫૯૪૪૧૩૧**

## શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટની નમ્ર અપીલ

શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટમાંથી એજ્યુકેશન લોન લીધેલ હોય તેમણે અભ્યાસ પૂર્ણ થયા બાદ લોન હપ્તે પરત જમા કરાવવાની હોય છે. વિદ્યાર્થીઓ તેમજ નવા બનેલ ટ્રસ્ટીઓને બાકી રહેતી રકમ અનુકૂળતા મુજબ નીચે દર્શાવેલ બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર અથવા ચેક દ્વારા જમા કરાવવી ત્યાર બાદ નીચેના નંબર પર જમા કરાવ્યા અંગેની જાણકારી રકમ, નામ,વિગતનું વેરીફિકેશન કરાવી લેવું.

શિક્ષણ માટે દાન ભેટ આપવા માંગતા હોય તેઓ પણ ઓનલાઈન /ચેક દ્વારા જમા કરાવી શકશે.

### બેંકની વિગત

નામ શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ
બેંકનું નામ બેંક ઓફ બરોડા સેન્ટર પોઈન્ટ શાખા, સ્વામીનારાયણ ગુરૂકુળ પાસે, સરદાર પાર્ક, અંકલેશ્વર, જી.આઈ.ડી.સી.- અંકલેશ્વર-૩૯૩૦૦૨ જી. ભરૂચ
બેંક ખાતાનો પ્રકાર : બચત ખાતુ

**IFSC CODE : BARBoCENPOI**
(પાંચમો અંક જીરો છે)

ખાતા નંબર : **૯૧૨૯૦૧૦૦૦૦૪૪૬૧**
**[91290100004461]**

બેંક ખાતાનો મોબાઈલ નંબર : ૮૨૦૦૮૭૩૨૯૯
**91+(8200873299)**

ઈમેલ : **samastsatvaraeducationtrust@gmail.com**

**ઓફીસ એડ્રેસ : શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ**
**મહામંત્રીશ્રી પ્રા.ડો. કે.એસ.ચાવડા**
બી-૧૧ આદિત્યનગર, વાલિયા રોડ, રાગીણી સિનેમા નજીક સ્વ. મોતીબેન તુલશીભાઈ નકુમ સતવારા વિદ્યાર્થીભવનની બાજુમાં, મુ. ભડકોદરા, તા. અંકલેશ્વર-૩૯૩૦૦૧
જી. ભરૂચ મો.નં. ૮૨૦૦૮ ૭૩૨૯૯
પ્રમુખશ્રી : નંદકિશોરભાઈ એસ. કણઝરીયા
લીંબડી - મો. ૯૮૨૪૨૫૬૪૯૧

| જય સિધ્ધનાથ મહાદેવ |

આ એપ્લિકેશન ફક્ત સતવારા જ્ઞાતિના માટે જ છે

# સતવારા સગપણ

**સતવારા જ્ઞાતિમાં** તમારો પરફેક્ટ મેચ શોધો

**હવે જીવનસાથીની શોધ તમારા શહેર સુધી સીમિત નથી – હવે દુનિયાભરમાં શોધો, એ પણ આપણા સમાજમાં!**




સપનાનું પાત્ર શોધવાની સફર શરૂ કરો ત્યાંથી જ્યાં

# 600+

યુવકો અને યુવતીઓ પહેલેથી રાહ જોઇ રહ્યા છે!

**આપણી જ્ઞાતિ માટેનું વિશિષ્ટ પ્લેટફોર્મ:**
અહીં તમે સંપૂર્ણપણે આપણી જ્ઞાતિના **600+** કરતા પણ યુવક/યુવતીઓના બાયોડેટા મેળવી શકશો.

**સુનિશ્ચિત અને સુરક્ષિત માહિતી:**
દરેક બાયોડેટા નીતિપૂર્વક ચકાસવામાં આવે છે, અને તમારા ડેટાને સંપૂર્ણ સુરક્ષા આપવામાં આવે છે અને આપણી જ્ઞાતિ નું વિશ્વપાત્ર પ્લેટફોર્મ

**આધુનિક સુવિધાઓ:**
તમારી જરૂરિયાતોને અનુકૂળ યોગ્ય જીવનસાથી શોધવા માટે અદ્યતન ટૂલ્સ અને ટેક્નોલૉજીનો ઉપયોગ કર્યો છે

**ગુજરાતીમાં ઉપલબ્ધ:**
જો અંગ્રેજી તમારી પસંદગીની ભાષા નથી, તો તમે માત્ર એક ક્લિકથી સંપૂર્ણ એપ્લિકેશનને સરળતાથી ગુજરાતીમાં કરી શકો છો

**વધુ માહિતી માટે સંપર્ક કરો : +91 7016080177**

www.satvarasagpan.com
